GJMR010000622020

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૦૯–૦૧–૨૦૨૦ |
| રજીસ્ટરે લીધા તારીખ | : | ૦૯–૦૧–૨૦૨૦ |
| નિકાલ તારીખ | : | ૨૪–૦૭–૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |

સત્યમેવ જયતે

આંક : ૬૧

## ફોર્મ – '' એ ''

**મોરબીના વિશેષ ન્યાયાધીશ (પોકસો કેસ) અને અધિક સેશન્સ જજશ્રીની ફાસ્ટ ટ્રેક સ્પેશીયલ કોર્ટ સમક્ષ, મોરબી.**

**સ્પે. પોકસો કેસ નં. ૦૧/૨૦૨૦.**

**(હળવદ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ. ર. નં.૮૫/૨૦૧૮)**

| | | |
|---|---|---|
| **ફરીયાદી** | | **શ્રી સરકાર** |
| ફરીયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન પબ્લીક પ્રોસીકયુટર | | શ્રી એન.ડી.કારીયા |
| **આરોપી** | | **વિકેશભાઇ કનુભાઇ ભીલ/આદીવાસી,** ઉ.વ.:–૨૦, ધંધો:–ખેત મજુરી, રહે.નખલપુરા, તા.નસવાડી, જી.છોટાઉદેપુર, હાલ રહે. કોલીથડ, ચંદુભાઇ પટેલની વાડીએ, તા.ગોંડલ, જી.રાજકોટ. (હાલ–નાસતાં ફરતા રહેલ છે) |
| આરોપી તરફે વિદ્વાન વકીલ | | શ્રી જે.એમ.પરીખ |

## ફોર્મ – '' બી ''

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | :– | ૨૦–૦૭–૨૦૧૮ |
| એફ.આઇ.આર.ની તારીખ | :– | ૨૬–૦૯–૨૦૧૮ |
| ચાર્જશીટની તારીખ | :– | ૦૯–૦૧–૨૦૨૦ |
| તહોમતનામું ઘડયાની તારીખ | :– | ૦૨–૦૩–૨૦૨૧ |

| | | |
|---|---|---|
| પુરાવાની શરૂઆતની તારીખ | :– | ૩૦–૦૯–૨૦૨૪ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે તે તારીખ | :– | ––––– |
| ચુકાદાની તારીખ | :– | ૨૪–૦૭–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | :– | – |

## આરોપીની વિગત

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છુટયાની તારીખ | ગુનાનો આરોપી મુકયો છે. | નિર્દોષ છે કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ નો હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

**ગુનો:–** **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એચ),(આઇ), (એન) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩(એ),૪, ૭,૮ મુજબના ગુના સબબ**

## –:: ચુકાદો ::–

(આ ચુકાદામાં જાતિય ગુનાથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૨૩ ની જોગવાઈ મુજબ તેમજ નામદાર ઉચ્ચ ન્યાયાલયના નિપુણ સકશેના વિ. યુનીયન ઓફ ઈન્ડીયા, ૨૦૧૯(૨) એસ.સી.સી. ૭૦૩ ચુકાદામાંના સિધ્ધાંત મુજબ ભોગ બનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, પરંતુ તેઓનો ' ભોગબનનાર' એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.)

**(૧).** આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એચ),(આઇ), (એન) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩(એ),૪, ૭,૮ મુજબના શિક્ષા પાત્ર ગુના અંગે આક્ષેપ છે.

**(૧.૨)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી

એ તા.૨૦/૦૭/૨૦૧૮ નારોજ કલાક:–૨૨–૦૦ થી તા.૨૧ / ૦૭/૨૦૧૮ નારોજ કલાક:–૦૬–૦૦ વાગ્યાના દરમ્યાન આ કામના ફરીયાદીની સગીરવયની દીકરી નામે જયાબેન ડો/ઓ વિષ્નુભાઇ વીપીનભાઇ ભીલ, ઉ.વ. ૧૪ વર્ષ, વાળીને લલચાવી ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, ભોગબનનાર સગીર વયની છે તેવું જાણવા છતાં ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઇ જઇ, ભોગબનનાનર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર(સંભોગ) કરી, ગુનો કરેલાનો આક્ષેપ છે. સદર કામે ફરીયાદીએ ફરીયાદ આપતા આરોપી વિરૂધ્ધ હળવદ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ. ર. નં.૮૫/૨૦૧૮ થી ગુનો નોંધવામાં આવેલ છે.

**(૧.૩)** આરોપી વિરૂધ્ધ હળવદ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ. ર. નં.૮૫/૨૦૧૮ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એચ), (આઇ), (એન) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩(એ),૪, ૭,૮ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પુરાવો મળી આવતો હોય,આરોપી વિરૂધ્ધ સદર ગુના અંગે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૩ અન્વયે ચાર્જશીટ રજુ કરેલ જેને સ્પેશીયલ કેસ (પોકસો) નં. ૦૧/૨૦૨૦ થી નોંધવામાં આવેલ.આરોપી ને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદપક્ષ ના આધારભૂત પુરાવાની નકલો આરોપીને વિના મુલ્યે પૂરી પાડેલ.

**(૨).** આ કામના આરોપી અત્રેની અદાલત સમક્ષ રજુ થતાં આ પ્રકરણમાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓનું પાલન કરેલ હોવાની ખાતરી કરી,આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એચ),(આઇ), (એન) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩(એ),૪, ૭,૮ મુજબના આક્ષેપિત ગુનાઓ અંગે આંક–૦૯ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આરોપીનું નિવેદન આંક–૧૦ થી નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમના વિરુધ્ધ

ના ગુનાઓનો ઈન્કાર કરેલો છે અને તેમના વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

## ફોર્મ – '' સી ''

(૩). આરોપી વિરૂધ્ધ આંક–૦૯ થી ફરમાવવામાં આવેલ તહોમતનામાં ની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે:–

### (એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવાઓ :–

| અનુક્રમ નંબર | સાહેદ નંબર | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|---|
| **મુખ્ય સાહેદો** | | | | |
| ૦૧ | ૦૧ | ૨૫ | ભોગબનનારના પિતા | ભોગબનનારના પિતા–વિમુખ |
| ૦૨ | ૦૨ | ૨૭ | ભોગબનનારના માતા | ભોગબનનારના માતા–વિમુખ |
| ૦૩ | ૦૩ | ૨૮ | ભોગબનનાર | ભોગબનનાર–વિમુખ |
| **પોલીસ સાહેદો** | | | | |
| ૦૪ | ૦૪ | ૪૯ | કીશોરભાઇ ગોવિંદભાઇ મકવાણા | તપાસ કરનાર અમલદાર |
| ૦૫ | ૦૫ | ૫૦ | પ્રકાશભાઇ ગુણવંતભાઇ પનારા | તપાસ કરનાર અમલદાર |
| ૦૬ | ૦૬ | ૫૪ | મહેશકુમાર રામસીંગ સોલંકી | તપાસ કરનાર અમલદાર |
| ૦૭ | ૦૭ | ૫૬ | સંદિપભાઇ ગોવિંદભાઇ ખાંભલા | તપાસ કરનાર અમલદાર |

### (બી) ફરીયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવાઓ :–

| ક્રમ નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૦૧ | ૨૬ | અસલ ફરીયાદ |
| ૦૨ | ૨૯ | ભોગબનનારનું બી.એન.એસ.એસ કલમ:–૧૮૩ મુજબનું નીવેદન |
| ૦૩ | ૩૦ | આરોપીનું અટક પંચનામુ |

| | | |
|---|---|---|
| ૦૪ | ૩૧ | ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર |
| ૦૫ | ૩૨ | ભોગબનનારની મેડીકલ તપાસણી કરવા બાબતનો સરકારી હોસ્પીટલ, હળવદને કરેલ રીપોર્ટ |
| ૦૬ | ૩૩ | ભોગબનનારનું સરકારી હોસ્પીટલ, હળવદનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૦૭ | ૩૪ | આરોપીની મેડીકલ તપાસણી કરવા બાબતનો સરકારી હોસ્પીટલ, હળવદને કરેલ રીપોર્ટ |
| ૦૮ | ૩૫ | આરોપીનું સરકારી હોસ્પીટલ, હળવદનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૦૯ | ૩૬ | સી.ડી.આર.ફોર્મ(કુલ–૨) તથા કોલ ડીટેઇલ્સ |
| ૧૦ | ૩૭ | મુદામાલતપાસણી અથે" એફ.એસ.એલના અભીપ્રાય ની રવાનગી નોંધ તપા સતા અંગેનું પ્રમાણપત્ર |
| ૧૧ | ૩૮ | એફ.એસ.એલ.રાજકોટની મુદામાલ મળ્યાની પહોંચ |
| ૧૨ | ૩૯ | એફ.એસ.એલ.રાજકોટનો મુદામાલ પરીક્ષણ અહેવાલનો ફોરવર્ડીંગ લેટર |
| ૧૩ | ૪૦ | બાયોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ |
| ૧૪ | ૪૧ | શીરોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ |

(૪) ફરીયાદપક્ષ તરફે આંક–૫૭ થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરતા, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીએ તેમના વિશેષ નિવેદનમાં ફરીયાદપક્ષના કેસનો સંદતર ઈન્કાર કરેલ છે, તેઓએ સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે, તેમજ બચાવમાં દસ્તાવેજી પુરાવા રજુ કરવા માંગતા નહિ હોવાનું તેમજ બચાવ ના સાહેદ તપાસવા માંગતા નહિ હોવાનું જણાવેલ છે અને આરોપી એ વધુમાં જણાવેલ છે કે, " અમો સામે ખોટી ફરીયાદ દાખલ કરેલ છે અમારી સામે ખોટા દસ્તાવેજી પુરાવા નોંધેલ અમોએ કોઇ ગુનો કરેલ ન હોવા છતાં અમોને ખોટીરીતે અટક કરેલ છે અમો તદન નિર્દોષ

છીએ. જેથી અમોને નિર્દોષ છોડી મુકવા નમ્ર અરજ છે." આ કામના આરોપી વિશેષ નિવેદન તા.૧૧/૧૨/૨૦૨૪ નારોજ નોંધાયા બાદ દલીલ ના તબકકે આરોપી અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેલ નહી તે બાદ આ કામના આરોપી તા.૦૨/૦૧/૨૦૨૫ નારોજ થી અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલા ન હોય તેઓ સામે વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ છે ત્યાર થી આજદીન સુધી આરોપી પકડાયેલા નથી તેમજ તેઓના જામીનને નોટીસ કરતાં તેઓની નોટીસ વગર બજે પરત આવતી હોય આરોપીની ગેરહાજરીમાં સદરહું હુકમ જાહેર કરવામાં આવેલ છે.

(૫) ફરીયાદપક્ષે વિદ્વાન પી.પી.શ્રી એન.ડી.કારીયા તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, હાલના આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એચ),(આઇ), (એન) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩(એ),૪, ૭,૮ મુજબના ગુના ઓનું તહોમત ફરીયાદપક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી નિ:શંકપણે પુરવાર કરેલ છે. વધુમાં આ કામના આરોપીએ તા.૨૦/૦૭/૨૦૧૮ નારોજ કલાક:–૨૨–૦૦ થી તા.૨૧ / ૦૭/૨૦૧૮ નારોજ કલાક:–૦૬–૦૦ વાગ્યાના દરમ્યાન આ કામના ફરીયાદીની સગીરવયની દીકરી નામે જયાબેન ડો/ઓ વિષ્નુભાઇ વીપીનભાઇ ભીલ, ઉ.વ. ૧૪ વર્ષ, વાળીને લલચાવી ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, ભોગબનનાર સગીર વયની છે તેવું જાણવા છતાં ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઇ જઇ, ભોગબનનાનર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર(સંભોગ) કરી, ઉપરોકત મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલાનું ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી સ્પષ્ટપણે ફલિત થાય છે.

(૫.૧) વધુમાં ફરીયાદપક્ષ તરફે વિ. એડી. પી. પી. શ્રી રજુઆત કરેલ છે કે આ કામે ફરીયાદપક્ષનો પુરાવો જોતા ફરીયાદી તેમજ સાહેદોએ ફરીયાદ પક્ષને સમર્થન કરતો પુરાવો આપેલ છે તેમજ આ કામે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા જોતા ગુનો બન્યાની બાબતમાં સંપૂર્ણ સમર્થન

મળે છે. તે જ રીતે સાહેદ નં. ૪ થી ત.ક.અમલદાર કીશોરભાઇ ગોવિંદભાઇ મકવાણાનો આંક–૪૯ થી, સાહેદ નં. ૫ થી તપાસ કરનાર અમલદાર પ્રકાશભાઈ ગુણવંતભાઈ પનારા નો આંક–૫૦ થી સાહેદ નં. ૬ થી તપાસ કરનાર અમલદાર મહેશકુમાર રામસીંગ સોલંકી નો આંક–૫૪ થી તથા સાહેદ નં. ૭ થી તપાસ કરનાર અમલદાર સંદીપભાઇ ગોવિંદભાઇ ખાંભલાનો આંક–૫૬ થી પુરાવો નોંધવામાં આવેલ છે.તેઓ તમામે પોતાના પુરાવામાં તપાસ કાર્યવાહીને સમર્થન કરતી વિગતો જણાવેલ છે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓની વિગતને સમર્થન કરતો પુરાવો આપેલ છે. સદરહુ સાહેદોએ તેઓના નિવેદનોમાં જણાવેલ વિગતોને સમર્થન કરતી હકીકતો જણાવેલ છે જેને નહિં માનવાને કોઈ કારણ નથી. આમ, તમામ બાબતો લક્ષમાં લેતા આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એચ),(આઇ), (એન) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩(એ),૪, ૭,૮ મુજબના ગુના ઓના કામે મહમતમાં મહતમ સજા કરવા વિનંતી કરેલ છે.

(૬) આરોપીના વિ.વકીલ શ્રી જે.એમ.પરીખ નાઓની દલીલ છે કે, આ કામના આરોપીને સદર ગુનાના કામે ખોટી રીતે અટક કરી તપાસ કરનાર અમલદાર દ્વારા ખોટી રીતે ચાર્જશીટ દાખલ કરેલ છે. આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદો કે જેઓ ભોગ બનનાર, ભોગ બનનાર ના પિતા એટલેકે ફરીયાદી તથા ભોગબનનારના માતા જેઓ તમામ હોસ્ટાઈલ જાહેર થયેલ છે. બનાવને સાંકળતો કોઇ પુરાવો આપેલ નથી. તેમજ આ કામના ભોગબનનારના પિતા એટલે કે આ કામના ફરીયાદી તથા ભોગબનનારના માતા તથા ભોગ બનનારે તેઓના સોગંદ ઉપરના મૌખીક પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષના કેસની હકીકતોથી વિરોધાભાસી પુરાવો આપેલ છે. આમ આ કામે ભોગ બનનાર તથા ભોગ બનનારના પિતા એટલે કે આ કામના ફરીયાદી, ભોગ બનનારના માતાનો પુરાવો વિશ્વાસજન્ય, આધારભૂત કે માનવા

લાયક જણાતો ન હોય, તેથી ક્રિમીનલ જયુરીશ પ્રુડન્ટસના સિંઘ્ધાતો મુજબ આરોપી સામે ફરીયાદપક્ષે તેમનો કેસ શંકા રહીત પુરવાર કરવાનો હોય છે અને જયારે ફરીયાદપક્ષના કેસમાં શંકા જતી હોય તો તેનો લાભ આરોપીને આપવાનો હોય છે. આમ સદર કામમાં ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ રેકર્ડ ઉપરનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓની હકીકતો વંચાણે લેવામાં આવે તો આ કામના આરોપી સામે ફરીયાદપક્ષ તેમનો કેસ શંકાથી રહીત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતા આ કામના આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એચ),(આઇ), (એન) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૩(એ),૪, ૭,૮ મુજબના ગુનાના કામેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૭) આ પ્રકરણમાં ફરીયાદપક્ષે રજુ કરેલા મૌખીક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ. વકીલશ્રીઓ દવારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિઘ્ધાંતો ઘ્યાનમાં લેતા, આ પ્રકારણ ના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે:-

**-:: મુદાઓ ::-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, ફરીયાદવાળા આક્ષેપિત બનાવની તારીખે અને સમયે ભોગબનનાર સગીરવયની બાળા હતા ?

(૨) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૨૦/૦૭/૨૦૧૮ નારોજ કલાક:-૨૨-૦૦ થી તા.૨૧ / ૦૭/૨૦૧૮ નારોજ કલાક:-૦૬-૦૦ વાગ્યાના દરમ્યાન આ કામના ફરીયાદીની સગીરવયની દીકરી નામે જયાબેન ડો/ઓ વિષ્નુભાઇ વીપીનભાઇ ભીલ, ઉ.વ. ૧૪ વર્ષ, વાળીને લલચાવી ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, ભોગબનનાર સગીર વયની છે તેવું જાણવા છતાં ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ, ભોગબનનાનર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર

(સંભોગ) કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) (એચ),(આઇ), (એન) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩(એ),૪, ૭,૮ મુજબનો શીક્ષા ને પાત્ર ગુનો કરેલ છે?

(૩) શું હુકમ?

(૮) ઉપરોકત મુદાઓની કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) **નકારાત્મક**

(૨) **નકારાત્મક**

(૩) **આખરી હુકમ મુજબ.**

## –// નિર્ણયના કારણો //–

(૯) ઉપરોક્ત મુદ્દાઓની કાયદાની જોગવાઈઓની ચર્ચા કરતા પહેલા ફોજદારી વિધિશાસ્ત્ર પ્રમાણે કોઈપણ ફોજદારી ગુન્હામાં પુરાવાની ચર્ચા કરતા પહેલા ફોજદારી વિધિશાસ્ત્રના ત્રણ નિયમોની ચર્ચા કરવી જરૂરી જણાય છે. નામ.સર્વોચ્ચ અદાલતે પણ તેમના વિવિધ ચુકાદા ઓમાં વિધિશાસ્ત્રના આ ત્રણ પાયાના સિદ્ધાંતોની ચર્ચા કરી, ફોજદારી કાર્યરીતિમાં આ સિદ્ધાંતોનું ચુસ્તપણે પાલન થાય તેવી માર્ગદર્શિકા આપી છે. જે અનુસંધાને ફોજદારી વિધિશાસ્ત્રના આ ત્રણ પાયાના સિદ્ધાંતોને ધ્યાને લઈએ તો તે આ મુજબ છે.

(૯.૧) સૌપ્રથમ નિયમ એ છે કે, જે કોઈ વ્યકિત સામે ગુન્હો નોંધાયેલ હોય તે વ્યકિત દોષિત સાબિત ન થાય ત્યા સુધી નિર્દોષ છે, તેવા પુર્વાનુમાનના સાથે કેસની કાર્યવાહી આગળ ચલાવવી જોઈએ.

(૯.૨) બીજો નિયમ એ છે કે ફરીયાદપક્ષે જે વ્યકિત ઉપર આરોપ લગાવેલ છે તે નિઃશંકપણે પુરવાર કરવા જોઈએ. એટલે કે જે વ્યકિત સામે કોઈ ગુન્હો કર્યાનો આરોપ છે, તે જ વ્યકિતએ ગુન્હો કર્યો છે, તે

સિવાય અન્ય કોઈ વ્યકિતએ ગુન્હો કર્યો નથી તેવી હકીકત ફરીયાદપક્ષે સાબીત કરવી જોઈએ.

(૯.૩) આ સાબિતીનો બોજો ફરીયાદપક્ષ પર જ લાદવામાં આવેલ છે. ફરીયાદપક્ષે જ આરોપી સામેનો ગુન્હો નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે. આ હકીકતને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી પણ સર્મથન મળે છે. જેમાં એવું દર્શાવેલ છે કે, " કોઈ વ્યકિત ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે છે, તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે, તેણે તે હકીકત અસ્તિત્વમાં છે, તેમ સાબિત કરવું પડે. જયારે કોઈ હકકતોનું અસ્તિત્વ સાબિત કરવા એક વ્યકિત બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે, તે વ્યકિત ઉપર સાબિતીનો બોજો છે." તેવી જ રીતે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૩ માં આ નિયમ દર્શાવેલ છે , તે મુજબ, " કોઈ ચોક્કસ હકીકત અંગે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર રહે છે કે જે તેનું અસ્તિત્વ અદાલત માને તેમ ઈચ્છતી હોય, સિવાય કે તે હકીકતની સાબિતી કોઈ ચોક્કસ વ્યકિત પર રહેશે, તેવી જોગવાઈ કોઈ કાનુનથી કરવામાં આવી હોય." આમ, કાયદા મુજબ ફરીયાદપક્ષ ઉપર પોતાનો કેસ કે આરોપી સામેનો ગુન્હો સાબિત કરવાની જવાબદારી લાદવામાં આવેલ છે.

(૯.૪) વધુમાં, કોઈપણ ફોજદારી ગુન્હો પુરવાર કરવા માટે આરોપીનું ગુન્હો કરી વખતે ગુનાહિત માનસ હતું, તે હકીકત પણ પુરવાર કરવી પડે. જે અંગેનો સિદ્ધાંત નીચે મુજબ છે–

"Actus non facitt reum nisi means sir rea,"

(૯.૫) ઉપરોક્ત સિદ્ધાંત વ્યકિતની માનસિક તથા શારિરીક બે પ્રકાર ના વર્ણનને સંબોધે છે. એ ગુન્હામાં જરૂરી બને જયા માનસિક વર્તન "ઈરાદો, જ્ઞાન, સ્વૈચ્છીક, કપટપુર્વક અને અપ્રમાણિકપણે વર્તન" ખુબ જ અગત્યનું છે. જેના વગર ગુન્હો પુરવાર થઈ શકે નહીં. અમુક ગુન્હામાં ગુનાહિત માનસને કાયદાકીય જોગવાઈઓથી અથવા અન્ય રીતે બાકાત રાખવામાં આવેલ છે. પરંતુ હાલના કામે જે ગુન્હા માટે

આરોપી ઉપર કાર્યવાહી ચાલી રહેલ છે, તેની તમામ જોગવાઈઓ જોતા ગુન્હો કરતી વખતે આરોપીનું ગુન્હાહીત માનસ હોવા જરૂરી છે, તેવા ગુન્હા છે.

(૧૦) આ કામે આરોપી વિરૂધ્ધ જે પ્રકારના ગુના અંગે ફરીયાદપક્ષ ધ્વારા આક્ષેપ મુકવામાં આવેલ છે અને અદાલત ધ્વારા આરોપી વિરૂધ્ધ જે ગુનાઓ અંગે તહોમત ફરમાવવામાં આવેલુ છે તેમજ ફરીયાદ પક્ષે વિ.એડી. પબ્લીક પ્રોસીકયુટર શ્રી એન.ડી.કારીયા તથા આરોપી પક્ષે વિ.વકીલ શ્રી જે.એમ.પરીખ ધ્વારા જે ભારપૂર્વકની દલીલો ઉપસ્થિત કરવામાં આવેલી છે તેને ધ્યાનમાં લેતા અને નામદાર વડી અદાલત અને નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદામાંના સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા ભોગ બનનારનો પુરાવો સૌથી અગત્યનો અને મહત્વનો પુરાવો છે. તેવા સંજોગોમાં સૌ પ્રથમ ભોગબનનારનો પુરાવો ધ્યાને લેવો જરૂરી છે. આ તબકકે એ પણ નોંધવુ જરૂરી છે કે રજુ થયેલ પુરાવા માંથી અદાલતે ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ અન્વયે વાદગ્રસ્ત હકીકત અને પ્રસ્તુત હકીકત એટલે કે, એક હકીકતના અસ્તિત્વ કે બિન અસ્તિત્વ બાબતે જે પુરાવો રજુ થયેલો હોય તે પુરાવો મહદઅંશે કેસના અન્ય સંજોગો અને હકીકતને ધ્યાને લઈ રજુ થયેલ પુરાવાની જોગવાઈ મુજબ વિશ્લેષણ કરી નિર્ણય કરવાનો હોય છે.

**મુદા નં. ૧ :–**

(૧૧) આ કામે આરોપી વિરુધ્ધ જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ– ૩(એ),૪, ૭,૮ ૪ તથા ૬મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પણ આરોપ મુકવામાં આવેલ છે. જેથી ફરીયાદપક્ષે એ હકીકત પુરવાર કરવી પડે કે, આક્ષેપિત બનાવ સમયે ભોગબનનાર સગીરવયના હતા. આ સંબંધે ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલો પુરાવો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે સાહેદ નં. ૧ થી ભોગબનનારના પિતા એટલેકે ફરીયાદી નાઓએ પોતાના આંક–૨૫ ના પુરાવા દરમ્યાન તથા સાહેદ નં.૨ થી ભોગબનનારના

માતા નાઓએ પોતાના આંક–૨૭ ના પુરાવા દરમ્યાન ભોગબનનાર દીકરીની ઉમર હાલમાં ૨૪ થી ૨૫ વર્ષની છે. બનાવ સમયે તેણીની ઉમર અઢારેક વર્ષ ઉપરની હતી. મારી ભોગબનનાર દીકરીની ચોકકસ જન્મતારીખ કે ઉમર તેઓને ખબર ન હોવાનું જણાવેલ છે. જયારે બંને સાહેદોએ પોતાની ઉલટતપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે,મારી ભોગ બનનાર દિકરીને શાળામાં દાખલ કરવાની થઈ ત્યારે જરૂરીયાત મુજબ જન્મ તારીખ નોંધાવેલી હતી. એ વાત ખરી છે કે મારી ભોગ બનનાર દિકરીની સાચી જન્મ તારીખ નોંધાવેલી નથી. તેવું સ્વીકારેલ છે. તે રીતે સાહેદ નં. ૩ થી ભોગબનનાર નાઓએ પોતાના આંક–૨૮ ના પુરાવા દરમ્યાન તેઓને તેઓની જન્મ તારીખ કે ચોકકસ ઉમરની મને ખબર નથી. હું ધોરણ–૫ સુધી ભણેલી છું. મને જયારે ભણવા મુકી ત્યારે જરૂરીયાત મુજબ મારી જન્મ તારીખ શાળા ના શિક્ષક દ્રારા લખવામાં આવેલી હશે. તેવુ જણાવેલ છે. વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૧ થી ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર રજુ રાખેલ છે અને તેમાં પણ ભોગ બનનાર ની જન્મ તારીખ:– ૧૯–૦૬–૨૦૦૫ ની દર્શાવેલ છે. પરંતુ, તેને સમર્થનકારી મૌખીક પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ નથી તેમજ ભોગ બનનાર પોતે જ પોતાની બનાવ સમયે તેણીની ઉમર અંગે કોઈ સચોટ પુરાવો પુરો પાડેલ નથી તેમજ તેમના માતા–પિતા ધ્વારા પણ એવી હકીકત જણાવેલ છે કે, ભોગબનનારની જન્મતારીખ કે ઉમર ચોકકસ ખબર ન હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષ ભોગબનનારની ઉંમર બનાવ સમયે સગીર વયની હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી **મુદા નં. ૧ નો નિર્ણય "નકારાત્મક"** ઠરાવવામાં આવે છે.

**મુદા નં. ૨ :–**

**(૧૨)** આ કામે ફરીયાદપક્ષ તરફે ભોગ બનનારને સાહેદ નં. ૩ તરીકે આંક–૨૭ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાના પુરાવા

દરમ્યાન જણાવેલ છે કે, મારા જબરદસ્તીથી પાંચેક વર્ષ પહેલા મારા માતા પિતા સગાઈ કરી દેવા માગતા હોય અને મારે લગ્ન કરવા ન હોય હુ રાત્રીના સમયે ઘરેથી કોઈને કઈપણ કહયા વિના મારા મામાના ઘરે જતી રહેલી હતી. મારી શોધખોળ કરવા મારી માતાએ પોલીસમા જાણ કરેલી હતી. થોડા દિવસ બાદ હુ મારી જાતે ઘરે પાછી આવી ગયેલી હતી. ત્યાથી મને પોલીસ સ્ટેશન લઈ ગયેલા જયા પોલીસે મારુ નામઠામ પુછી નીવેદન લીધેલુ. મને હળવદ હોસ્પિટલમા તપાસણી માટે લઈ ગયેલા હતા. જયા મારી સારવાર કરેલી હતી. ડોકટર સાહેબે મને કઈ પુછેલુ નહી કે મે ડોકટર સાહેબને કઈ જણાવેલ નહી. મે પોલીસમા મારા કપડા રજુ કરેલા હોય અને પોલીસે કપડા કબજે કરેલા હોય તેવુ બનેલ નથી. મને અગાઉ હળવદ કોર્ટમા જજ સાહેબ રૂબરૂ પુછપરછ માટે લાવવામા આવેલ હતા જયા મે જજ સાહેબ રૂબરૂ મારા માતા પિતા અને પોલીસના કહેવા મુજબ નીવેદન આપેલ હતુ અને તેમા અંગુઠો કરી આપેલ હતો. તે કલમ:-૧૬૪ મુજબનુ નીવેદન સદર કામે આંક- ૨૯ થી રજુ રાખેલ છે.આ કામના આરોપી વિકેશ કનુભાઈ ભીલ સાથે મે લગ્ન કરેલ હોય, મારા પતિ થાય છે.તે મને મારા માતા પિતાના વાલીપણામાથી હુ સગીર વયની હોવાનુ જાણતો હોવા છતા મને લલચાવી, પટાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી મારી સાથે બદકામ કરવા ના ઈરાદે ભગાડી લઈ ગયેલ હોય તેવુ બનેલ નથી અને સ્વૈચ્છાએ અમારી રાજી-ખુશીથી લગ્ન કરેલ છે, અને હાલમા અમારે બે સંતાનો પણ છે.

સદર ભોગબનનાર ફરીયાદની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ ફરીયાદની હકીકતને સમર્થન આપેલ નથી. જયારે બચાવપક્ષ

તરફેની ઉલટતપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે, આરોપી સાથે મારે રાજી–ખુશીથી લગ્ન થયેલ છે.આરોપીએ મને કોઈ ધાક–ધમકી આપેલ નથી.હાલમા હુ તથા આરોપી બન્ને પતિ–પત્ની તરીકે સાથે રહીએ છીએ.એ વાત સાચી છે કે મારી રાજીખુશી અને સ્વેચ્છાએ કોઈપણ જાતના દબાણ કે ધાકધમકી સિવાય સોગંધ ઉપર જુબાની પુરી પાડેલ છે. આમ, સદર ભોગબનનારનો આંક–૨૮ વાળો પુરાવો ધ્યાને લેતા ભોગ બનનારે ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન પુરુ પાડેલ ન હોય ફરીયાદપક્ષે ભોગ બનનારને વિમુખ સાક્ષી જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલા છે. પરંતુ, સદર ઉલટતપાસમાંથી પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેઓ લેશમાત્ર પુરાવો ભોગ બનનારે તેણીના સોગંદ ઉપરના પુરાવામાં પુરો પાડેલ નથી.

**(૧૨.૧)** આ કામના ભોગ બનનારના પિતા એટલેકે ફરીયાદીને સાહેદ નં. ૧ તરીકે આંક–૨૫ થી તથા ભોગ બનનારના માતાને સાહેદ નં. ૨ તરીકે આંક–૨૭ થી તપાસવામાં આવેલ છે. સદર ફરીયાદી એટલેકે ભોગ બનનાર ના પિતા અને ભોગબનનારના માતા નાઓ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિમુખ જાહેર કરવામાં આવેલ જેમાં પણ ફરીયાદીએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો પુરાવો આપેલ નથી.

**(૧૩)** આમ, આ કામના ફરીયાદી કે જેઓ ભોગ બનનારના પિતા, ભોગ બનનારના માતા તથા ભોગ બનનારે પોતાની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસથી વિપરીત હકીકતો જણાવેલ છે. તેમજ ભોગ બનનારે તેણી સાથે કોઈ પણ પ્રકારનો બનાવ બનેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. તેવા સંજોગોમાં આ સાહેદોનો પુરાવો બનાવને સમર્થનકારી હોવાનું માની શકાય તેમ નથી તેમજ સદર સાહેદોનો પુરાવો શંકાસ્પદ બની જાય છે તેમજ ભોગ બનનારે જયારે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય અને વિમુખ જાહેર કરી

વિસ્તૃત રીતે બનાવ સંબંધે ઉલટતપાસ કરવામાં આવેલી છે. પરંતુ, તેણી ધ્વારા સુચક પ્રશ્નોમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવો લેશમાત્ર પુરાવો પુરો પાડેલ નથી. વધુમાં ભોગ બનનારે તેમના આંક–૨૮ ના સોગંદ પરના પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ સ્વેચ્છાએ કોઈને કંઈ પણ કહયા વિના તેમના મામાના ઘરે જતી રહેલ હતી. આ કામના આરોપી તેઓને તેમના માતા પિતાના વાલી પણા માંથી ભોગબનનાર સગીરવયની હોવાનું જાણતા હોવા છતા તેઓને લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી તેઓની સાથે બદકામ કરવાના ઈરાદે ભગાડી લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી. જયારે ઉલટતપાસમાં પણ કોઈ મહત્વની હકીકત રેકર્ડ પરથી જણાઈ આવતી નથી. તેવા સંજોગોમાં ભોગ બનનારની ઈચ્છા કે સંમતિ વિના આંક–૦૯ નું તહોમતનામું ફરમાવ્યું તે મુજબ કોઈપણ ગુનાહીત કૃત્ય આરોપીએ કરેલ હોવાનું માની કે સ્વીકારી શકાય તેમ નથી. ભોગ બનનારનો પુરાવો અગત્યનો અને મહત્વનો પુરાવો છે. હવે તેણી ધ્વારા જ આરોપી વિરુધ્ધ કોઈ પણ પ્રકારનો પુરાવો ગુનાહીત કૃત્ય બાબતે પુરો પાડવામાં આવેલ ન હોય ત્યારે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવો શંકાસ્પદ બની જાય છે.

**(૧૪)** વધુમાં આ કામે સાહેદ નં. ૪, આંક–૪૯ થી ત.ક.અ..કીશોરભાઈ ગોવિંદભાઈ મકવાણા, સાહેદ નં. ૫, આંક–૫૦ થી તપાસ કરનાર અમલદાર પ્રકાશભાઈ ગુણવંતભાઈ પનારા, સાહેદ નં.૬, આંકખ–૫૪ થી તપાસ કરનાર અમલદાર મહેશકુમાર રામસીંગ સોલંકી, તથા સાહેદ નં. ૭, આંક–૫૬ થી તપાસ કરનાર અમલદાર સંદિપભાઈ ગોવિંદભાઈ ખાંભલાનો પુરાવો નોંધવામાં આવેલ છે. ત. ક. અમલદાર નાએ ભોગબનનાર સહીત ના સાહેદો ધ્વારા જે વિરોધાભાસી કથનો કરવામાં આવેલ છે તે પુરવાર કરવામાં આવેલા છે.પરંતુ માત્ર પોલીસ સાહેદોના પુરાવાને આધારે આરોપીએ આંક–૦૬ મુજબના તહોમતનામા મુજબના ગુનાઓ આચરેલ હોવાનું પુરવાર થયેલાનું માની શકાય નહી.

(૧૫) જયારે મહત્વના અને અગત્યના સાહેદ ભોગબનનાર દ્વારા પોતાના સોગંદ ઉપરના જુબાનીમા તેવો સ્પષ્ટપણે પુરાવો પુરો પાડવામા આવેલ છે કે તેની સાથે કોઈ પણ પ્રકારનો બનાવ બનવા પામેલ નથી.વધુમાં આ કામે ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ:-૧૬૪ મુજબનું નિવેદન આંક-૨૯ થી રજુ થયેલ છે પરંતુ ભોગ બનનાર ના કોર્ટ સમક્ષના પુરાવાથી જયારે ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના કેસને નિ:શંકપણે પુરવાર કરવામાં સી.આર.પી.સી. કલમ:-૧૬૪ મુજબનું નિવેદન મદદરૂપ થાય તેમ જણાય આવતું નથી. એટલું જ નહિ, ભોગ બનનાર દ્વારા ભોગ બનનાર સાથે કોઈ પણ પ્રકારનો આંક-૦૬ ના તહોમતનામામાં જણાવ્યા મુજબનુ ગુનાહીત કૃત્ય થયેલાનો સ્પષ્ટ ઈન્કાર કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષે આંક-૩૦ થી આંક-૪૧ સુધીના રજુ દસ્તાવેજી પુરાવા આરોપીના વિધ્વાન વકિલશ્રીની સંમતીથી આંકે પડેલ છે, પરંતુ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ભોગ બનનાર તથા તેણીના માતા-પિતાના પુરાવાથી ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બની જતો હોય ત્યારે આંક-૩૦ થી આંક-૪૧ સુધીના રજુ દસ્તાવેજી પુરાવાના આધારે આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનો પુરવાર થયેલાનું સ્વીકારી શકાય નહિં. ઉપરોકત સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામના આરોપી દ્વારા આક્ષેપિત ગુનો કરવામાં આવેલ હોવા અંગે સબળ, વિશ્વશ્નીય પુરાવો રજુ થયેલ નથી તેમ સ્પષ્ટપણે જણાય આવે છે. આમ આ પ્રકરણમા ભોગબનનાર સહીતના તમામ સાહેદોએ આંક-૦૬ ના તહોમતનામામાં ફરમાવ્યા મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ આચરેલ હોવા અંગે સાતત્યતા, સબળ અને વિશ્વનીય પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ તબકકે એ નોંધવું જરૂરી છે કે, ફરીયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ તમામ પોલીસ સાહેદોએ પોતાની ફરજ દરમ્યાન જે કાર્યવાહી કરવામાં આવેલી છે તેની હકીકત જણાવેલ છે. પરંતુ, ભોગ બનનાર દ્વારા ઉપર ચર્ચા કરી તે મુજબ ભોગ બનનાર સાથે કોઈ પણ પ્રકાર બનાવ બનેલો નથી તેવો પુરાવો પુરો પાડવામાં

આવેલો છે. ત્યારે ફકત તપાસ એજન્સીના સાહેદોના પુરાવા મુજબ આરોપીએ આક્ષેપ મુજબના ગુનાઓ કરેલાનું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ છે, તેમ માની શકાય નહી.

(૧૬) આમ, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધના આક્ષેપિત ગુના પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય, જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૨૯ માં ફરીયાદ પક્ષની તરફેણ મા જે અનુમાન કરવામાં આવેલ છે, તેમજ કલમ–૩૦ માં આરોપી ની ગુનાહિત માનસીક સ્થિતી અંગે અનુમાન કરવાની જોગવાઈ કરવામાં આવેલી છે. તે અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપી ઉપર છે. પરંતુ આ પ્રકરણમાં તેનું ખંડન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કારણ કે, આ કામે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમની કલમ–૪ તથા ૬ મુજબ ના શિક્ષાપાત્ર ગુના અંગે ફરીયાદપક્ષે કોઈ પુરાવો પૂરો પાડેલ ન હોય ત્યારે આ કામના આરોપીએ સદર કલમોમાં કરવામાં આવેલ જોગવાઈ અનુસારનો ગુનો કરેલો છે તથા ગુનાહિત માનસીકતા ધરાવતો હતો, તેવુ અનુમાન કરવું યોગ્ય, ન્યાયી અને ઉચીત ન હોવાનું આ અદાલતનું માનવુ છે.

(૧૭) આમ રજુ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, વિધ્વાન એડી. પબ્લીક પ્રોસીકયુટરશ્રી એન.ડી.કારીયા તથા બચાવ પક્ષના વિધ્વાન વકીલ શ્રી જે.એમ.પરીખની તાર્કીક અને ભારપૂર્વકની દલીલો અને ઉપર ચર્ચા કરી તેને ધ્યાનમાં લેતા,આ કામના આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એચ), (આઇ), (એન) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩(એ),૪, ૭,૮ મુજબના શિક્ષાપાત્ર ગુના કરેલ હોવાનું નિ:શંકપણે સાત્યસભર, સબળ, વિશ્વસનીય, માનવા લાયક, આધારભૂત પુરાવાથી પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું માની **મુદા નં. ૨ નો નિર્ણય "નકારાત્મક"** ઠરાવવામાં આવે છે.

**મુદા નં. ૩ :–**

(૧૮) આ તબકકે એ નોંધવુ જરૂરી છે કે, અત્રેની વિશેષ અદાલત જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૩૩ (૮), ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૭(એ)(૨)(૩) તથા (બી), જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના નિયમો, ૨૦૨૦ ના નિયમ–૯(૧)(૩), નિયમ–૫ તથા ગુજરાતની ભોગ બનનારને વળતર માટેની યોજના, ૨૦૧૯ ના નિયમ–૫(૨), ૯(૫) સાથે રીટ પીટીશન (સીવીલ) નં. ૬૬૫/૨૦૧૨ ના કામે નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લઈ ભોગબનનારને નિપજેલ હાની બાબતે વળતર અપાવી શકે તેમ છે. પરંતુ આ કામે ભોગબનનાર ધ્વારા જે સોગંદ ઉપર પુરાવો પુરો પાડવામાં આવલો છે, તેને ધ્યાનમાં લેવામાં આવે તો ભોગબનનાર સાથે આક્ષેપ, મુજબનો કોઈપણ બનાવ બનેલ હોવાની હકીકતો બાબત ભરોસાપાત્ર, સબળ અને વિશ્વસનીય પુરાવો ભોગબનનારે પુરો પાડેલ નથી. વધુમાં ભોગ બનનારને આક્ષેપિત બનાવના કારણે કોઈપણ પ્રકારે હાની પહોંચેલ હોય અને તેનાથી કોઈપણ પ્રકારનો ખર્ચ કરવો પડેલ હોય કે સહન કરવું પડેલ હોય કે ભોગબનનારે કોઈ ગુમાવવું પડેલ હોય તેવી હકીકત બતાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. એટલું જ નહિ ભોગબનનાર સાથે આક્ષેપિત બનાવ બનેલ ન હોવાનું પુરવાર થતું હોય ત્યારે ભોગ બનનારને આવા બનાવના કારણે કોઈપણ પ્રકારની શારીરિક કે માનસીક હાની કે નુકશાન પહોંચેલ હોવાનું સ્વીકારી શકાય નહિં. આથી આ પ્રકરણમાં ભોગબનનાર કોઈપણ પ્રકારની સહાય મેળવવા હકદકાર ન હોવાનું ઠરાવવામાં આવે તે યોગ્ય, ન્યાયી અને ઉચીત હોવાનું આ અદાલતનું માનવુ છે.

(૧૯) આ ગુનાની તપાસ દરમ્યાન તપાસ એજન્સી ધ્વારા જે મુદામાલ કબજે કરવામાં આવેલ છે તે મુદામાલ કપડા જે બીન કિંમતી છે. જેઆ ગુનાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આજદિન સુધી કોઈ પણ વ્યકિત ધ્વારા કોઈ પણ પ્રકારના મુદામાલની માંગણી કરવામાં આવેલ નથી કે મુદામાલ સંબંધે દાવો રજુ કરવામાં આવેલ નથી. તેવા

સંજોગોમાં મુદામાલ તરીકે કબજે કરેલ કપડા જે બીન કિંમતી છે તે બીન કિંમતી મુદામાલનો અપીલ પીરીયડ બાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૫૨ અન્વયે ધોરણસર નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે તો ઉચીત રહેશે.

(૨૦) ઉપરોકત મુદાઓમા ચર્ચા કરી, તેને ધ્યાનમાં લેતા, ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ આંક-૦૬ થી ફરમાવવામાં આવેલ તહોમતનામાં મુજબના ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એચ),(આઇ), (એન) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૩(એ),૪, ૭,૮ મુજબના ગુનાઓ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય,આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ અન્વયે આરોપીને ક્રિ.પો.કોડની કલમ-૨૨૭ અન્વયે આગળ કાર્યવાહી કરવા કોઈ પુરતું કારણ જણાતું ન હોય તેને છોડી મુકવા પાત્ર છે. જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૨૭ સાથે કલમ-૩૫૩(૬) ની જોગવાઈ હેઠળ આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી પડતી મુકવા પાત્ર છે. જેથી નીચે મુજબ આખરી હુકમ ફરમાવવા માં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) આ કામના આરોપી **વિકેશભાઇ કનુભાઇ ભીલ/આદીવાસી** વાળાને વાળાને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૩૫ (૧) ની જોગવાઈ અન્વયે હળવદ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ. ર. નં.૮૫/૨૦૧૮ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એચ),(આઇ), (એન) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૩(એ),૪, ૭,૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૫૨ અનુસાર, કબજે કરવામાં

આવેલ બિનકિંમતી મુદામાલનો અપીલ સમય પુરો થયા બાદ નિયમો નુસાર ધોરણસર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી અપીલ સમયના જામીન લેવા સબંધે આગળની કાર્યવાહી કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૪) નિયમ–૩૩(૮) મુજબ જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ તેમજ સબંધિત સહાય અંગેની જોગવાઈ અંગે ગુજરાત વિકટીમ કમ્પેનસેસન સ્કીમ હેઠળ ભોગબનનાર પક્ષનાઓ વળતર/સહાય મેળવવા હકકદાર ન હોવાનું ઠરાવવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ:–૨૪ મી, માહે:–જુલાઇ, સને:–૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ:– મોરબી.

**(ભુમિકા કનૈયાલાલ ચંદારાણા)**
**સ્પેશ્યલ જજ (પોકસો કોર્ટ) અને**
**એડીશ્નલ સેશન્સ જજ, મોરબી**
**(કોડ નં.જીજે૦૦૬૭૧)**

**// J.J.S //**